**ક્રિ.કેસ.નંબર:- 2891/2021**

**<u>ક્રિમી.પ્રોસી.કોડની કલમ-૨૫૮ મુજબ આંક-૦૧ નીચે હુકમ:-</u>**

(૧) આ કામે રોજકામ વંચાણે લેતા આરોપીને સમન્સ કાઢવામાં આવેલ છે, જે આંક-૩ વાળુ સમન્સ ' સદરી ઈસમ ની જણાવેલ સરનામે તપાસ કરતાં મળી આવેલ નથી' તેવા શેરા સાથે પરત ફરેલ છે. આમ, આ કામે પોલીસ આ આરોપીને હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે. આરોપી સામેનો હાલનો કેસ તે સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ છે, પ્રોસીડીંગ જોતા હાલનો કેસ ઘણા લાંબા સમયથી મૃતપ્રાય અવસ્થામાં આવેલ છે.

આજ રોજ લોક અદાલતની સાથે મેજીસ્ટ્રેટ માટે સ્પેશ્યલ સીટીંગનુ આયોજન કરેલ છે, જેમાં નજીવા ગુનાનો ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૮ ની જોગવાઈ મુજબ, કેસોનો નિકાલ કરવા ડાયરેકશન આપેલ છે.

હાથ ઉપરના કેસમાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૮ મુજબ હુકમ કરી શકાય કે કેમ? તે અંગે સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ, ૧૯૯૭ (૩) જી.એલ.આર. ૧૯૪૬ તથા પી. આર. રાવ વિ. સ્ટેટ ઓફ કર્નાટકા,૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯ તથા વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓનો અભ્યાસ કરતા પણ તેમાંથી એવું તારણ નીકળેલ છે કે,

Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of any accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, Where the Magistrate does not find it possible to disposed of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as here in above stated, in such a situation it would be open to the Magistrate to stop further proceedings of the case. Section 258 of the Code can be restored to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way.

હાથ ઉપરના કેસમાં પણ આરોપીનાને શોધવા પોલીસને વ્યાજબી તકો આપવા છતાં પોલીસ આરોપી ને હાજર રખાવી શકેલ નથી કે સમન્સ/વોરંટ બજાવી શકતી નથી જેથી ટ્રાયલ ચલાવવી લગભગ અશકય બની ગયેલ છે અને નજીકના ભવિષ્યમાં પણ પોલીસ આ આરોપીને શોધીને રજુ કરી શકે તેવી શકયતા અગાઉનું પ્રોસીંડીંગ જોતા જણાતું નથી તથા સ્પીડી ટ્રાયલનો સિધ્ધાંત જોતા તથા ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ વંચાણે લેતા આરોપી સામેની કાર્યવાહી બંધ કરવામાં આવે છે તથા આરોપીને આ કામે બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડનો પર્યાય જોતા, ભવિષ્યમાં આ આરોપીને અગર ફરીયાદપક્ષ પોલીસ રજુ કરે તો કે આરોપી સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ-૩૦૦(૫) મુજબ નવેસરથી શરૂ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહિ તથા તેવા કિસ્સામાં આ કોર્ટે ઉપરોકત કલમ મુજબ કાર્યવાહી કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.

હુકમ આજરોજ તારીખ.૧૨ મી માહે માર્ચ સને-૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ.૧૨/૦૩/૨૦૨૨
સ્થળ. અમદાવાદ.

(ચેતના જયંતીલાલ પટેલ)
કોડ નંબર જી.જે.૦૧૦૫૬
એડી. ચીફ મેટ્રો.મેજી.,
કોર્ટ નં. ૧૨, અમદાવાદ.